# સંતરામપુરના વોર્ડ નં.4માં ઉભરાતી ગટરથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી

**બીકે** સ્ટુડિયો નજીક અવાર નવાર ગટર ઉભરાવવાની સમસ્યા દુર કરવા માગ



(પ્રતિનિધિ) સંતરામપુર તા.18

સંતરામપુરના વોર્ડ નં.4માં બીકે સ્ટુડિયો નજીક વારંવાર ઉભરાતી ગટરના કારણે સ્થાનિક રહિશો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. આ સમસ્યાના ઉકેલ માટે તાત્કાલિક પગલાં ભરવા માગણી ઉઠી છે.

સંતરામપુર શહેરના વોર્ડ નંબર 4 વિસ્તારમાં બીકે સ્ટુડિયો નજીક આવેલી ત્રણ રસ્તા પાસેની ગલીમાં અવાર નવાર ગટર ઉભરાવાની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. આ ગટરમાંથી ગંદુ પાણી રસ્તા પર વહેતાં સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ અને અસ્વચ્છતા ફેલાઈ રહી છે, જેના કારણે સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ વિસ્તારમાં ગટરોની સાફસફાઈ નિયમિત રીતે નહીં થતા વારંવાર ગટરો ઉભરાય છે, જેથી ગંદકીનુ સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. આ કાયમી સમસ્યાથી ત્રાસી અને કંટાળી ગયેલા સ્થાનિક રહેવાસીનું કહેવું છે કે અનેક વખત રજૂઆતો કરવા છતાં નગરપાલીકા તંત્ર દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી અને તેનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. આ ગટર ઉભરાવાના કારણે રસ્તા પરથી પસાર થવું મુશ્કેલ બન્યું છે તેમજ રોગચાળો ફેલાવાની ભીતિ પણ ઊભી થઈ છે. સ્થાનિક રહીશો દ્વારા તાત્કાલિક ગટર સફાઈ અને કાયમી ઉકેલ લાવવા માંગણી ઉઠી છે.

## સંતરામપુર નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.1માં ગંદકીનું સામ્રાજ્ય

સંતરામપુર નગરપાલિકા વિસતારમાં ગટર સફાઇ અને ગંદા કચરાના નિકાલ પત્યે નગરપાલિકા ભારે ઉદાસીનતા દાખવતી હોય તેવો એહસાસ નગરજનો અનુભવી રહેલ છે. સ્વચ્છતા અને ઘનકચરાના નિકાલ માટે સરકાર દ્વારા લાખો રૂપિયા આવે છે, પરંતુ ભૂતકાળમાં પણ પૂર્વ ચીફ ઓફિસર હઠીલાના સમયમાં આવેલ કરોડોની ગ્રાન્ટમાં મિલીભગતથી ગોબાચારી આચરીને કટકી થયાની ચર્ચા છે.. વર્તમાનમાં, સંતરામપુર નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.1માં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે, જ્યાં ગટરોની સફાઈ અને સ્વચ્છતાના નામે શૂન્યાવકાશ પ્રવર્તે છે.

# ઉમરેઠ :સંતરામ મંદિરની ભાગવત કથાનું ભાવપૂર્ણ સમાપન કરાયું

**ઉમરેઠના** સંતરામ મંદિરના 168મા વાર્ષિકોત્સવ પ્રસંગે ભાગવત કથાનું આયોજન કરાયું હતું



(પ્રતિનિધિ) ઉમરેઠ તા.21

ઉમરેઠમાં સંતરામ મંદિરના 168મા વાર્ષિકોત્સવ અને નવીન મંદિરના રજતજયંતી મહોત્સવના પાવન અવસરે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય સમાપન થયું હતું. મંદિરના સેવાભાવી મહંત ગણેશદાસજી મહારાજની દિવ્ય પ્રેરણાથી આયોજિત આ કથામાં વિશ્વ વંદનીય ભાગવદાચાર્ય રમેશભાઈ ઓઝા (ભાઈ)ના વક્તાપદે હજારો શ્રદ્ધાળુઓએ કથાશ્રવણનો લાભ લીધો હતો.

ઉમરેઠમાં સંતો અને મહાનુભાવોની હાજરીમાં કથાના સમાપન પ્રસંગે સંતરામ મંદિરના મહંત ગણેશદાસજીના આમંત્રણને માન આપીને જગન્નાથજી મંદિર, જમાલપુરના મહંત દિલીપદાસજી મહારાજ સહિત વિવિધ સંતરામ મંદિરોના મહંતો અને મોટી સંખ્યામાં સાધુ-સંતો પધાર્યા હતા. આ ધાર્મિક મહોત્સવમાં રાજકીય અગ્રણીઓ જેવા કે રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય ભૂષણભાઈ ભટ્ટ, ભાજપ જિલ્લા પ્રમુખ સંજયભાઈ પટેલ, એનસીપી પ્રદેશ પ્રમુખ જયંતભાઈ પટેલ (બોસ્કી) સહિત મહાનુભાવોએ આશીર્વાદ મેળવ્યા હતા. દસકાથી મંદિરની સેવામાં કાર્યરત દેવાંગભાઈ પટેલ (ઈપ્કો વાળા પરિવાર) દ્વારા કથાની સમગ્ર વ્યવસ્થા કરાઈ હતી. આ ઉપરાંત, સૂર્યા જાર્દા પરિવાર (ઓડ), પ્રહલાદભાઈ ઠક્કર અને પરિવાર, કનુભાઈ પટેલ (છીંકણી વાળા પરિવાર) સહિત અન્ય અનેક આગેવાનોએ વિવિધ પ્રસંગોમાં મનોરથી તરીકે ઉત્સાહપૂર્વક સેવાઓ આપી હતી.

## રુદણ ગામના યુવકનું મિલેટ્રીમાં સિલેક્શન થતાં બ્રહ્મ સમાજ દ્વારા સન્માન કરાયુ



રુદણ ગામના રહેવાસી અને બ્રહ્મ સમાજનું ગૌરવ વધારનારા દેવ જોશીનું ભારતીય સેના (મિલેટ્રી)માં સિલેક્શન થતા કઠલાલ બ્રહ્મ સમાજ દ્વારા તેઓનું ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. બ્રહ્મ સમાજ માતૃસંસ્થાના ગુજરાત પ્રદેશ યુવા ઉપપ્રમુખ પ્રશાંત ઠાકરના અધ્યક્ષ સ્થાને કઠલાલ નગરના બ્રહ્મ અગ્રણીઓ, ભાઇઓ અને બહેનોએ દેવ જોશીના નિવાસસ્થાને જઈ તેમને ફૂલહાર અને કલગી અર્પણ કરી ઉત્તરોત્તર પ્રગતિના આશીર્વાદ પાઠવ્યા હતા. પોતાની મહેનત અને લગનથી રુદણ ગામનું ગૌરવ વધારનાર દેવ જોશીએ પુના ખાતે ટ્રેનિંગ પૂર્ણ કરી મિલેટ્રી સેવામાં જોઈન્ટ થતા, તેમના પિતા હર્ષદભાઈ જોશીએ પધારેલા સૌ ભૂદેવોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# કપડવંજ પાલિકા વેરાની વસુલાત કરવા બાકિદારને ત્યાં ઢોલ ટીપશે

**પાલિકા** દ્વારા 9.81 કરોડથી વધુના બાકી વેરા વસુલાત માટે 10 ટીમ બનાવવામાં આવી

(પ્રતિનિધિ) કપડવંજ તા.19

કપડવંજ નગરપાલિકા દ્વારા રહેણાંક અને બિન રહેણાંક વિસ્તારના બાકીના વેરાની વસુલાત માટે સઘન ઝુંબેશ ધરી છે. 15મી નવેમ્બરથી શરૂ થયેલા આ વેરા વસુલાતની ઝુંબેશમાં 19મી ડીસેમ્બર સુધી રૂ.2.59 કરોડની વસુલાત કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત નગરસેવા સદનનો વેરો ન ભરનાર રહેણાક વિસ્તાર અને બિન રહેણાક વિસ્તાર સામે આગામી દિવસોમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



તસવીર: હરિશ જોષી

કપડવંજ પાલિકામાં વેરા વસુલાતની કામગીરીમાં રહેણાંક અને કોમર્શીયલ બાકીદારો માટે કુલ-10 ટીમો બનાવી છે. જેમાં 6 ટીમો વસુલાત માટે તથા 4 ટીમો નોટિસની બજવણી માટે છે. જેમાં 50 હજારથી વધુ રકમના બાકીદારોને ત્યાં વસુલાતની ટીમો રૂબરૂ જાય છે અને વાયદા મળે છે. પરંતુ વાયદા મુજબ વેરો ન ભરનારા સામે આગામી સમયમાં સ્થળ ઉપર ઢોલ - નગારા સાથે બાકી વેરો ભરવા સૂચનાઓ આપવામાં આવશે. નગરપાલિકા કચેરી દ્વારા અત્યાર સુધીમાં અઢી હજારથી વધુ બાકીદારોને નોટિસ ફટકારવામાં આવી છે. જ્યારે રહેણાંકવાળા વિસ્તારોમાં મોટી રકમ બાકી હશે તેઓ તેઓને વેરો ભરવા સૂચના આપવામાં આવશે. પણ જો તેનો અમલ નહીં થાય તો નળ અને ગટર કનેક્શનો દૂર કરવામાં આવશે. કુલ-9.81 કરોડની વસુલાત બાકી છે. જેમાંથી 2.59 કરોડની વસુલાત પાલિકાએ આજદીન સુધી કરી છે.વેરા વસુલાત ઝુંબેશ આગામી 31મી માર્ચ- 2026 સુધી ચાલુ રહેશે. આ વખતે કપડવંજ પાલિકા વેરા વસુલાત માટે કડક બની છે.

# કડાણા પોલીસે મહિલાનું સામાજિક દાયિત્વ ઉઠાવ્યું

**બાયડ મંદબુધ્ધી** ટ્રસ્ટમાં પહોચાડી મહિલાને સુરક્ષા આપી

(પ્રતિનિધિ) કડાણા, તા.21

કડાણા પોલીસે પાંડોરના અધારી ગામે ભુલી પડેલી અસ્થિર મગજની મહિલાનું સામાજિક દાયિત્વ ઉઠાવ્યું હતુ..આ અસ્થિર મગજની મહિલાના વાલી વારસોનો અત્તોપત્તો મળ્યો ન હતો. તે સ્થિતિમાં પોલીસે મહિલાને જય અંબે મંદબુધ્ધી મહિલા સેવા સમાજ ટ્રસ્ટ -બાયડ ખાતે પહોચાડી સમાજીક ફરજ બજાવી હતી.

કડાણા પોલીસ સ્ટેશન વિસ્તારના પાંડોરના અધારી ગામે રાત્રિના સમયે એક અસ્થિર મગજની મહિલા નિસહાય હાલતમાં આવી પડી હતી.આ અસ્થિર મગજની મહિલા શનાભાઈ સુરમાભાઇ પાંડોરના ઘરની આજુબાજુમાં ફરતી હતી..ત્યારે તેઓએ જનરક્ષક મોબાઈલ નં.112 પર જાણ કરી હતી.જે પછીથી અસ્થિર મગજની મહિલાને કડાણા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલ હતી. પરંતુ ઉમર વર્ષ આશરે 40ના આશરાની આ અસ્થિર મગજની મહિલાના વાલી વારસોનો કોઈ અત્તોપત્તો કે ભાળ મળી ન હતી. તે સ્થિતિમાં પોલીસે સખી વન સ્ટોપ મહિસાગર-લુણાવાડાની મદદ લઈ અસ્થિર મગજની મહિલાનું મેડીકલ ચેકઅપ કરાવ્યું હતુ.અને પછીથી અસ્થિર મગજની મહિલાને જય અંબે મંદબુધ્ધી મહિલા સેવા સમાજ ટ્રસ્ટ -બાયડ ખાતે પહોચાડી સામજીક સેવા અદા કરી હતી.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## આણંદ શહેરની શિશુવિહાર ખાતે સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલીત શિશુવિહાર આણંદ ખાતે સ્પોર્ટ્સ ડેની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં શાળાના 210 જેટલા બાળકોએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે તરીકે પીટી શિક્ષક કૌશિકભાઇ, શાળાના આચાર્ય બેલાબેન પટેલ, સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ, બાબુભાઈ તથા વરૂણભાઇ ઉપસ્થિત રહ્યાં હતાં. સ્પર્ધામાં ત્રણ ક્રમાંક જાહેર કરી વિદ્યાર્થીઓને ઇનામ અને સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ આયોજનની સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

## આણંદની અલ્પેશ એન. પટેલ પી. જી. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચનું આયોજન કરાયું

**આણંદ |** સરદાર પટેલ યુનિર્સિટીના 68મા દીક્ષાંત સમારોહ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવરતજીની ઉપસ્થિતિમાં



યોજાયો હતો. જેમાં અલ્પેશ એન. પટેલ પી. જી. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદ કોલેજની વિદ્યાર્થી પ્રિયંકા રાઉલજીએ એસ.પી. યુનિવર્સિટીમાં એમએસસી (બાયો ટેકનોલોજી)માં પ્રથમ ક્રમે રહી રાજ્યપાલના હસ્તે બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. વિદ્યાર્થીની સફળતા બદલ બાયોટેકનોલોજીના અધ્યક્ષ રૂપેશ ઝહ તેમજ કાર્યકારી આચાર્ય ડો. ચિરાગ વ્યાસ દ્વારા ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. આ સફળતા બદલ ચરોતર એજયુકેશન સોસાયટીના ચેરમેન નિરવકુમાર એન.પટેલે અભિનંદન પાઠવ્યાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## સ્પેક બી.એડ્ દ્વારા એનએસએસ વાર્ષિક શિબિરમાં સભાનતા કાર્યક્રમ યોજાયો

**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ દ્વારા મોરડ ગામમાં આયોજિત એનએસએસ વાર્ષિક શિબિરની વિવિધ લોકજાગૃતિ પ્રવૃત્તિઓની વિગતો આપે છે. આ શિબિરના બીજા દિવસે વિદ્યાર્થીઓએ



પ્રભાત ફેરી કાઢી હતી અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામમાંથી પ્લાસ્ટિક કચરો એકઠો કરી તેને રિસાયકલિંગ માટે મોકલી આપ્યો હતો. આ આરોગ્ય નિષ્ણાતો દ્વારા સ્થાનિક મહિલાઓને સ્ત્રી સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જ્યારે તાલીમાર્થીઓએ જાતિ સમાનતાના વિષય પર શેરી નાટક પ્રસ્તુત કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય અને વિવિધ વિભાગીય સમન્વયકોના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક હેતુઓ સાથે કરવામાં આવ્યું હતું.

## ખેડાની એચએન્ડડી પારેખ હાઈસ્કૂલ ખાતે કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો અંગે માર્ગદર્શન અપાયું

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો હેઠળની કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલિટેકનીક દ્વારા ખેડાની એચએન્ડડી પારેખ હાઇસ્કૂલ ખાતે ધોરણ-10 અને 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે કૃષિ



સંલગ્ન અભ્યાસક્રમો અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં કૃષિ અને બાગાયત જેવા ક્ષેત્રોમાં ઉપલબ્ધ પોલિટેકનીક અને સ્નાતક અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયા, ફીનું માળખું, શૈક્ષણિક સુવિધાઓ અને કારકિર્દીની તકો વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ અવસરે યુનિવર્સિટીની વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓની વિડિયોક્લીપ દર્શાવવા સાથે જ વિદ્યાર્થીઓને માર્ગદર્શન સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય હેતુ કૃષિ શિક્ષણ અને રોજગારીની સંભાવનાઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

## સંતરામપુર તાલુકાના ખેરવા મોડેલ સ્કૂલ ખાતે જાગૃતિ સેમિનારનું આયોજન

**સંતરામપુર |** મહીસાગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા સંતરામપુર તાલુકાની ખેરવા મોડેલ સ્કૂલ ખાતે બેટી



બચાવો બેટી પઢાવો યોજના હેઠળ જાગૃતિ સેમિનાર યોજાયો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય દીકરીઓનું સશક્તિકરણ અને તેમની સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આ પ્રસંગે સામાજિક કાર્યકર સોનલબેન પંડ્યા, મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને સાયબર ક્રાઈમ સેલના આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર દ્વારા વિદ્યાર્થીનીઓને મહિલાલક્ષી યોજનાઓ, 'SHE' ટીમની સહાય અને સાયબર સુરક્ષાની મહત્વની બાબતો વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી.

## આણંદ શહેરની ડી. એન. હાઇસ્કુલના ઉચ્ચ પ્રાથમિક વિભાગનો વિદ્યાર્થી ઝળક્યો



**આણંદ |** હરિહર સ્મરણાંજલિ ટ્રસ્ટ અને ચરોતર એજ્યુકેશન સોસાયટી આયોજિત હરિહર કલા ત્રિવેણી સ્પર્ધામાં ભક્તિ ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ડીએન હાઇસ્કુલ, ઉચ્ચ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થી વાઘેલા ઉમંગ મુકેશભાઈએ વ્યક્તિગત ગીત સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તૃતીય નંબર પ્રાપ્ત કરી શિલ્ડ અને સર્ટીફિકેટ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે. વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા બદલ શાળાને પણ શિલ્ડ પ્રાપ્ત થયો છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી કેતનભાઇ, શાળાના આચાર્ય પ્રતિકભાઈ તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સરદાર પટેલ યુનિવર્સિટીમાં ભારત કો જાનો, ભારત કો માનો કાર્યક્રમ યોજાયો

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીમાં વિકસિત ભારત- યુવા કનેક્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં



કુલપતિ પ્રો. (ડો.) નિરંજનભાઇ પટેલે વિદ્યાર્થીઓને ભારત કો જાનો, ભારત કો માનો અને ભારતના બનોનું સૂત્ર આપી સ્વતંત્ર ભારતનો ઇતિહાસ જાણવા અને ભારતની પરંપરાઓ પ્રત્યે ગૌરવ રાખવા હાકલ કરી હતી. આ સાથે જ યૂથ આઈકોન ધનરાજસિંહ જાડેજાએ વિકસિત ભારત માટે પંચ પ્રાણ જેમાં ગુલામીની વિચારસરણીનો અંત, વિરાસત પર ગૌરવ અને નાગરિક કર્તવ્યોનો સમાવેશ થાય છે તેમજ આત્મનિર્ભર ભારત અને અંત્યોદય જેવા મહત્વના વિષયો પર ઉદાહરણો આપી માર્ગદર્શન આપ્યું હતું. ડો.નિપા ભરુચા અને ડો. ઋતા પરમાર દ્વારા સંયોજિત આ કાર્યક્રમમાં 200 જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સહભાગી થયા હતા.

## મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના વિદ્યાર્થી પ્રાદેશિક કક્ષા કલા મહાકુંભમાં ઝળક્યાં

**આણંદ |** અનુપમ મિશન, મોગરી સંચાલિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના વિદ્યાર્થીઓની ટીમે મધ્ય ગુજરાત પ્રાદેશિક કક્ષા કલા મહાકુંભ-



2025-26 અંતર્ગત યોજિત સ્કૂલબેન્ડ પ્રતિયોગિતામાં શિસ્તબદ્ધ પ્રદર્શન થકી ફર્સ્ટ રનર્સ-અપ વિજેતાનો ફિતાબ હાંસલ કર્યો. આ પ્રતિયોગિતા કમિશનર, યુવકસેવા, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા સંતરામ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, નડીઆદ ખાતે યોજાઇ હતી. આ સિદ્ધિ બદલ યોગી વિદ્યાપીઠના કુલગુરુ ડો.રતિકાકાએ વિદ્યાર્થીઓ તથા તેના માર્ગદર્શક શિક્ષકોને બિરદાવી આશીર્વાદ આપ્યાં હતાં. સમગ્ર સ્ટાફ તરફથી માધ્યમિક અને ઉ. માધ્યમિક વિભાગનાં આચાર્યા રીટાબહેન પટેલે છાત્રોને અભિનંદન પાઠવ્યાં હતાં.

## સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત - ગુજરાત અને સુમંદીપ વિદ્યાપીઠ વચ્ચે કરાર થયાં



**આણંદ |** આણંદ વડોદરાની સુમંદીપ વિદ્યાપીઠ અને સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત-ગુજરાત વચ્ચે દિવ્યાંગ ખેલાડીઓના સર્વાંગી સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે એક મહત્વપૂર્ણ સમજૂતીનામું (MoU) કરવામાં આવ્યું છે. આ કરાર હેઠળ Special Smile Dental Health Program" અમલી બનાવીને દિવ્યાંગ બાળકો માટે નિ:શુલ્ક ડેન્ટલ ચેકઅપ, આંખોની તપાસ, બોડી ચેકઅપ અને ડિજિટલ હેલ્થ રેકોર્ડિંગ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે, જેથી ખેલાડીઓ વધુ આત્મવિશ્વાસ સાથે રમતગમત ક્ષેત્રે આગળ વધી શકે,. આ પ્રસંગે સુમંદીપ વિદ્યાપીઠના રજીસ્ટ્રાર ડો. મનોજ કુલકર્ણી, સ્પેશિયલ ઓલિમ્પિક્સના ટ્રસ્ટી જીગ્નેશભાઈ ઠક્કર અને ક્લિનિકલ ડાયરેક્ટર ડો. પ્રતીક કારીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## સીવીએમના ચેરમેનના જન્મદિવસ નિમિત્તે બે દિવસ બ્લડ ડોનેક્શન કેમ્પ યોજાશે

**આણંદ |** ચારુતર વિદ્યામંડળના ચેરમેન અને સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલના 75મા જન્મદિન નિમિત્તે બે દિવસ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરને 'અમૃત પર્વ' તરીકે ઉજવવા, માનવતાના અભિગમ સાથે 22મી અને 23મી ડિસેમ્બર 2025 દરમિયાન સવારના 9થી સાંજના 5 કલાક સુધી શાસ્ત્રી મેદાન અને એડીઆઈટી કોલેજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ (રક્તદાન શિબિર)નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગેચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના ગવર્નિંગ બોડીના સભ્યો, યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રોફેસર ડો. ઇન્દ્રજીત પટેલ, રજિસ્ટ્રાર અને ડીન એકેડેમિક્સ પ્રોફેસર ડો. સંદીપ વાલિયા તથા વિવિધ હોદ્દેદારો અને અગ્રણીઓ હાજર રહેશે.

## આણંદમાં માનસિક દિવ્યાંગ ખેલાડી માટે સ્પેશિયલ ખેલ મહાકુંભ યોજાશે

**આણંદ |** રાજ્ય સરકાર દ્વારા આયોજીત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સહયોગથી તથા સ્પેશ્યલ ઓલિમ્પિક્સ દ્વારા સંચાલિત માનસિક દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભનું આયોજન કરાયું છે. આ ખેલ મહાકુંભ કરમસદ સ્થિત કે. એમ. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફિઝીયોથેરાપીના પ્રાંગણમાં યોજાશે. જેમાં 23મીના રોજ સવારના 7-30 વાગ્યાથી એથ્લેટીક્સ લોઅર એબિલિટીની રમતો, વિવિધ દોડ, 100 મીટર ફાસ્ટ વોક, સોફ્ટ બોલ થ્રો તથા બોચીની રમત યોજાશે. 24મીને બુધવારના રોજ સવારના 7-30 વાગ્યાથી એથ્લેટિક્સ હાયર એબિલિટીની રમતો વિવિધ દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક તથા ટીમ ગેમ્સ, બેડમિંટન, વોલીબોલ, બાસ્કેટબોલ અને બોચીની રમતો યોજાશે.